# ગાંધીનગર જિલ્લા પોલીસમાં વધુ ૧૮૦ લોક રક્ષકની ફાળવણી

## બંદોબસ્તથી ત્રસ્ત પોલીસતંત્રને હાંશકારો કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ મજબૂત બનશે

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર જિલ્લામાં ૧૮૦ લોકસક્ષક ફાળવી દેવાતા જિલ્લા પોલીસતંત્રનો ફોર્સ વધશે. જ્યારે પાટનગર હોવાના નાતે વખતો વખત બંદોબસ્તમાં રોકાયેલા રહેતા પોલીસતંત્રનો મેનપાવર વધતા ગુનાખોરી ડામવાની કામગીરી પણ વધુ અસરકારક બનશે. ઓછા પોલીસબેડાની દયનીય સ્થિતિ વચ્ચે વારંવાર બંદોબસ્તથી ત્રસ્ત બનતા પોલીસતંત્રએ પણ આ નિર્ણયથી હાંશકારો અનુભવ્યો છે.

જિલ્લામાં છેલ્લા ઘણા સમયથી પર્યાપ્ત પોલીસ ફોર્સના અભાવે કાયદો અને વ્યવસ્થા જાળવવાના મામલે અનેક પ્રશ્નો જિલ્લા પોલીસતંત્ર માટે શિરદર્દ સમાન બન્યા હોવાનું ચિત્ર ઉપસી આવ્યું હતું. જ્યારે ઓછા સ્ટાફ વચ્ચે સતત બંદોબસ્તની પ્રક્રિયામાં સ્ટેન્ડ ટુ રહેતા પોલીસ કર્મચારીઓ માટે પણ કંટાળાજનક સ્થિતિ છાનાખૂણે આક્રોશનું કારણ બની હતી. શહેર અને જિલ્લામાં ચોરી અને ગુનાખોરીનું પ્રમાણ વધ્યું હોવાનો આક્રોશ સેવતા નગરના શુભચિંતકો દ્વારા પણ પોલીસ ફોર્સ વધારવા પ્રબળ માંગ ઉઠાવવામાં આવી હતી. આખરે સરકાર દ્વારા ગાંધીનગર જિલ્લામાં ૧૮૦ લોકરક્ષક ફાળવી દેવાનો નિર્ણય લેવાતા જિલ્લા પોલીસતંત્રને પણ હાંશકારો અનુભવ્યો છે. જેથી હવે પોલીસને બંદોબસ્તમાં પણ રાહત મળશે. આગામી દિવસોમાં જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં જરૂરીયાત મુજબ લોકરક્ષકની ફાળવણી કરવામાં આવશે. જ્યારે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશન પણ વિધિવત કાર્યરત થઈ જશે. જિલ્લા પોલીસતંત્રનો મેનપાવર વધતા ચોરી અને ગુનાખોરીનું પ્રમાણ પણ અસરકારક રીતે ઘટશે.

# આવતીકાલથી ગાંધીનગરના માર્ગો પર ડબલ ડેકર દોડતી થશે

ગાંધીનગર, તા.૧૨

**અઢી દાયકાના અંતે ફરી એકવાર ડબલડેકર દોડતી જોવા મળશે**

અઢી દાયકાના લાંબા સમયગાળાના અંતે નગરના રાજમાર્ગો પર દોડતી ડબલડેકર બસ આકર્ષણનું કેન્દ્ર બનશે. વીટકોસ દ્વારા ડબલડેકર બસ સેવા શરૂ કરવામાં આવશે. મુંબઈથી આવનારી ડબલડેકર શનિવાથી નગરમાં ટ્રાફિકના ધમધમાટ વચ્ચે દોડતી જોવા મળશે.

પાટનગરમાં અઢી દાયકા પૂર્વ જ્યારે માર્ગો પર નહીંવત ટ્રાફિક નજરે પડતો હતો તેવા સમયે એસ.ટી. બસોની વિશેષ અવર જવર રહેતી હતી. જેમાં એસ.ટી. તંત્ર દ્વારા ગાંધીનગર-અમદાવાદ રૂટ વચ્ચે સામાન્ય બસની સાથે મુંબઈની માફક ડબલડેકર બસો પણ મુસાફરોથી ભરચક જતી હતી. પરંતુ વર્ષોથી ડબલડેકરની સેવા સદંતર બંધ થઈ જતા આમ અપડાઉનકર્તાઓમાં ફર્સ્ટ ફ્લોર પર બેસી ડબલ ડેકરની શાહી સવારી કરવાનું સ્વપ્ન સમાન બની ગયું હતું. પરંતુ હવે શહેરના રાજમાર્ગો પર વૈભવી કાર્સની અવર જવર વચ્ચે ડબલડેકર બસ આકર્ષણ જમાવશે. શહેરી બસ સેવાનું સંચાલન કરતી વીટકોસ સંસ્થા દ્વારા નગરજનો માટે ખાસ મુંબઈથી આ બસ મંગાવાઈ છે. આવતીકાલે અબલત્ત શુક્રવારે મુંબઈથી રવાના થનાર ડબલડેકર બસ શનિવારે સાંજથી ગાંધીનગરના માર્ગોની શોભા બનશે.

# માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શાળાઓને બપોરના સમયે ચલાવવા કડક સૂચના

ગાંધીનગર, તા.૧૨

રાજયની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓનો સમય સવારના બદલે બપોરનો રાખવા સરકારે નિર્ણય કર્યો છે. આ સૂચનાનું પાલન કરાવવામાં નહીં આવે તો તે માટે જિલ્લા શિક્ષણાધિકારીને જવાબદાર ગણાશે.

ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ ૨૦૦૦માં રાજયની ઘણી માધ્યમિક શાળા સવારની પાળીમાં ચાલતી હોય છે. જેથી આવી શાળાઓ સવારની પાળીમાં ન ચાલે તે જોવા રાજયના તમામ જિલ્લા શિક્ષણાધિકારીઓને જણાવેલ.

શાળા પાળી પધ્ધતિનો અમલ ન હોઈ તેવી કોઈ પણ માધ્યમિક

● અનુસંધાન પાન-૭ પર



મખમલના ગાલીચામાં ગાભાની ગોદડી સમાન ભાસતા શૌચાલયો ખંડેર હાલતમાં હોવાથી દુષણરૂપ બન્યા હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. નગરના સેક્ટરોમાં ગંદકીનું કેન્દ્ર સ્થાન બનેલા જૂના શૌચાલયો બિનઉપયોગી હોવાનો એકરાર કરતા તંત્ર દ્વારા આ શૌચાલયો તોડી પાડવાના મામલે હજુ સુધી કોઈ નિર્ણય લેવાયો નથી. બીજી તરફ શોપીંગ વિસ્તારમાં પણ શૌચાલયોની દરકાર ન લેવાતા ખદબદતી ગંદકી વચ્ચે વેપારીવર્ગને પણ પારાવાર હાલાકી વેઠવાનો વારો આવ્યો છે. સે. ૨૨ શોપિંગ સેન્ટર પાછળના ભાગમાં સ્થિત શૌચાલયની હાલત પણ કંઈક આવી જ છે. **(તસવીર : દિપક જાની)**

# વિકાસ પામી રહેલુ ન્યુ ગાંધીનગરમાં માળખાકીય સુવિધાઓ ઝડપથી ઉપલબ્ધ થશે : અશોક ભાવસાર

ગાંધીનગર, તા. ૧૨

ગુડા વિસ્તારમાં વિકાસ પામી રહેલા રહેણાંક ઝોનમાં આગામી એક વર્ષમાં તમામ આંતર માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બને તે માટેનું આયોજન કરી દેવાયું છે અને તેના ભાગરૂપે આજે ૭.૭૫ કરોડના વિકાસકામોનો પ્રારંભ કરાવવામાં આવ્યો છે.

માર્ગ, પાણી, ગટર, વીજળી તથા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટના વિવિધ કાર્યો આગામી દિવસોમાં હાથ ધરવામાં આવશે તેમજ આગામી એક માસમાં તે પૈકીના મોટાભાગના કામોનું લોકાર્પણ પણ મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે કરવામાં આવશે તેવો સંકેત વિવિધ કાર્યક્રમોના અંતે ગુડાના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસારે આપ્યો હતો.

ગાંધીનગર શહેરની આસપાસના વિકસીત વિસ્તાર કે જે હવે ન્યુ ગાંધીનગર તરીકે ઓળખાય છે તેવા વિસ્તારોમાં રસ્તા, વીજળી અને સ્ટ્રીટલાઈટના અંદાજે ૭.૭૫ કરોડના કામોના ભૂમિ પૂજનનો કાર્યક્રમ યોજાયો હતો.

બપોરે ૧૨.૩૯ કલાકે વિવિધ જન સુવિધાના કામોનો શુભારંભ કરવામાં આવ્યો. જેમાં ટી.પી.૧૯ રાયસણ ખાતે સ્વર્ણિમ સાંસ્કૃતિક હોલનું ભૂમિપૂજન, ટી.પી. ૪, ૫ વિસ્તારમાં કુડાસણ ખાતે સૌર ઉર્જા આધારીત વીજળીકરણના ભાગરૂપે સોલાર સ્ટ્રીટ લાઈટ, ટી.પી. ૬ કુડાસણ ખાતે વિદ્યુત આધારિત સ્ટ્રીટ લાઈટના ૧૦૦ જેટલાં પોલના કામો તેમજ નિર્મળ ગુજરાતના સંકલ્પ રૂપે યુરિનલ ટોઈલેટ બ્લોક્સના કામોનો શુભારંભ કરવામાં આવેલ છે, આ ઉપરાંત સત્તામંડળ દ્વારા સંપૂર્ણ જનભાગીદારીથી અબોલ પંખીઓને યાદ કરતી ભારતીય સંસ્કૃતિના પ્રતિક સમા 'ચબુતરા' પણ સ્થાપિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે બોલતા સત્તામંડળના અધ્યક્ષશ્રી ભાવસારે જણાવ્યું હતું કે, 'મુખ્યમંત્રીશ્રીના

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર ખાતે ડેપો મેનેજરોને નવી કામગીરીની તાલીમ આપવા સેમિનાર યોજાયો

## નવા નિયમો સહિત જરૂરી બાબતો અંગે તજજ્ઞોએ માર્ગદર્શન પુરૂ પાડ્યું

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર એસ.ટી. ડેપો ખાતે ડેપો મેનેજર માટે ત્રિદિવસીય સેમિનાર યોજવામાં આવ્યો હતો. રીફ્રેશર ટ્રેનીંગ કક્ષાના આ સેમિનારમાં રાજ્યમાંથી ૬૦ જેટલા ડેપો મેનેજરોએ હાજરી આપી હતી. આ દરમિયાન તજજ્ઞો દ્વારા તેમને એસ.ટી. તંત્રના નિયમબદ્ધ અને સફળ સંચાલનને અનુલક્ષી જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

રાજ્ય પરિવહન નિગમની બસોના સફળ સંચાલન અને મુસાફોને અસરકારક સેવા પુરી પાડવા ઉપરાંત એસ.ટી. ડેપોમાં આવકનું પ્રમાણ વધે તેમજ ડેપો મેનેજર નવા નિયમોથી અપગ્રેડ થાય તેવા આશયથી એસ.ટી.ડેપો ખાતે ત્રિદિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૯, ૧૦ અને ૧૧ એપ્રિલના રોજ આ ત્રિદિવસીય રીફ્રેશર ટ્રેનીંગ કમ સેમિનારમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ૬૦ જેટલા ડેપો મેનેજરોએ હાજરી આપી હતી. આ દરમિયાન તજજ્ઞો દ્વારા એસ.ટી.ની આવક વધારવા ઉપરાંત મોનીટરીંગ કેમ કરવું તે સઘળી બાબતોને આવરી લઈ માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. વધુમાં ડેપો મેનેજરોને નવા નિયમો અંગે જાણકારી પણ પુરી પાડવામાં આવી હતી. આ દરમિયાન વિભાગના એમ.ડી. શ્રી રાજગોપાલન તેમજ ચેરમેન શ્રી ઘોડાસરાએ પણ સંબંધિત વિષય સંદર્ભે માર્ગદર્શન પુરૂ પાડ્યું હતું. સેમિનાર દરમિયાન સૂચનોની આપ-લે તેમજ ગ્રૃપ ડીસ્કશન પણ કરવામાં આવ્યું હતું.

## ખૂણે ખાંચરેથી

● શાળાકીય સત્રાંત પરીક્ષાઓ પૂર્ણ થતાં વિદ્યાર્થીઓમાં વેકેશનનો માહોલ જામ્યો છે. ● શહેરની જાણીતી શૈક્ષણિક સંસ્થા સ્કુલ ઓફ એચીવર આગામી શૈક્ષણિક સત્રથી ચાર નવી શાખાઓ શરુ કરનાર છે. ● ગાંધીનગર કોર્પોરેશનની ક્રિકેટ ટીમ આજે જામનગર કોર્પોરેશન સામે ટકરાશે. આ માટે ટીમ ગાંધીનગરથી રવાના થઈ છે. ● પત્રકાર ગૌતમ પુરોહિત પર થયેલા હુમલામાં સારવાર માટે અમદાવાદ સિવીલ હોસ્પિટલમાં ખસેડાયા હતા ત્યાંથી તેમને આજે રજા આપવામાં આવી છે. ● ભાજપના વોર્ડ નં.૧ના કાઉન્સીલરો દેવેન્દ્રસિંહ ચાવડા, પ્રકાશ પટેલ ત્થા જાગૃતિબેન પુરોહિતે સંયુકત સત્યનારાયણ ભગવાનની કથાનું આયોજન કર્યું હતું. ● કોબા પ્રેક્ષા ભારતી ખાતે આજે યોજાયેલ ગરીબ કલ્યાણ મેળામાં જિલ્લા આયુર્વેદ એકમ દ્વારા યોજાયેલ સર્વ રોગ નિદાન કેમ્પમાં ૧૫૦ દર્દીઓએ લાભ લીધો હતો અને ૩૦ વ્યકિતઓએ પ્રકૃતિ પરીક્ષણ કરાવ્યું હતું.

## ગાંધીનગરમાં ગરમીમાં ઘટાડો તાપમાન ૩૮.૮ ડીગ્રી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર સહિત રાજ્યમાં ગરમીના પ્રમાણમાં ઘટાડો થતાં લોકોએ રાહત અનુભવી છે. સતત બીજા દિવસે પવનનું જોર રહેતા ગરમીનો પારો ૩૮.૮ ડીગ્રી પર થંભ્યો હતો. ગાંધીનગરમાં બફારો બપોરે લાગતો પરંતુ સાંજે પવન છૂટતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. આગામી દિવસોમાં ગરમીનો પ્રકોપ ફરીએકવાર વધશે અને લોકોને ગરમી માટે તૈયાર રહેવું પડશે. ગરમીમાં ઘટાડો થતા રોગચાળામાં ફરી વધારો થયો છે. બેવડી સિઝનનો અનુભવ પણ થઈ રહ્યો છે. વ્યસ્ત લાઈફ સ્ટાઈલ ધરાવતા લોકોમાં બિમારી ફેલાઈ રહી છે. જેથી આરોગ્ય સાથે સંકળાયેલ નિષ્ણાંતો આ ગાળામાં સાવધાની રાખવાની સલાહ આપે છે. રાજ્યમાં સૌથી વધારે ગરમી સુરેન્દ્રનગરમાં ૪૦.૩ ડીગ્રી સેલ્સીયસ નોંધાઈ હતી.

# ગુજરાતના ચોમાસા પર કરોડોનો સટ્ટો રમાશે

## સટોડિયાઓ ચોમાસાના આગમન પૂર્વે સાબદા : ૭૦૦-૮૦૦ કરોડનો સટ્ટો વરસાદ પર રમાશે

ગાંધીનગર, તા.૧૨

ચોમાસાની સૌથી વધુ રાહ ખેડુતો જોતા હોય છે પરંતુ એક વર્ગ એવો પણ છે જેમને ખેતી સાથે કંઈ લેવા દેવા ન હોવા છતાં ચોમાસું કેવું રહેશે તેની રજેરજની વિગતો મેળવવા હંમેશા તત્પર રહે છે. આ વર્ગ છે સટોડિયાઓનો. ગુજરાતમાં ક્રિકેટની જેમ જ ચોમાસા પર ખુબ મોટા પાયે સટ્ટો રમાય છે અને તે આંકડો ૭૦૦-૮૦૦ કરોડને વટાવી જાય છે.

હજુ તો ઉનાળો બેઠો ત્યાં ચોમાસું કેવું રહેશે તેની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. કારણ કે ચોમાસું દેશના શેર બજારથી લઈને કોમોડિટી માર્કેટ સુધીના તમામ લોકોને અસર કરે છે. તેમજ ચોમાસા પર તો દેશના અર્થતંત્રની સ્થિતિ નક્કી થતી હોય છે. ગુજરાતના સટ્ટોડિયાઓ અને આગાહીકારો ચોમાસું કેવું રહેશે તેના અંદાજો બાંધવા માંડયા છે. ચોમાસાને લઈને સટોડિયાઓએ મોનસૂનની માહિતી ભેગી કરવાનું શરુ કરી દીધું છે.

● અનુસંધાન પાન-૭ પર


## અભિનંદન - મહિલા સમરસ



ગુલશનબાઈ અલારખાન બલોચ
સરપંચ
દલિયાથરા ગ્રામ પંચાયત



લાડુબેન રાયમલભાઈ પટ્ટણી
ડેપ્યુટી સરપંચ
દલિયાથરા ગ્રામ પંચાયત

**આપણા ગામમાં શ્રી સોમાજી ઠાકોર અને ભાવેશભાઈ જોષી (કારોબારી સભ્ય - તાલુકા ભાજપ)ના સક્રિય પ્રયાસથી આપણી ગ્રામ પંચાયત મહિલા સમરસ ગ્રામ પંચાયત બની છે. આપ બંનેને અમારા હાર્દિક અભિનંદન અને શુભેચ્છા પાઠવીએ છીએ.**

જવરીબેન ચેનાજી ઠાકોર
જ્યોત્સના ઈશ્વરજી ઠાકોર
ક્રિશ્નાબેન દિનેશજી ઠાકોર
વર્ષાબેન ચેહરાભાઈ ચમાર
બાનુભાઈ જાનખાન બલોચ
શાન્તાબેન વેરસિંહજી ઠાકોર
દલિયાથરા ગ્રામ પંચાયત, તા.જી. પાટણ




• છેલ્લા ત્રણ તબક્કામાં ૬૪૨ ગરીબ કલ્યાણ મેળાઓમાં ૫૮,૬૭,૦૦૦ લાભાર્થીઓને રૂ.૮૧૨૦ કરોડની સહાય આપેલ છે.
• તા. ૧૨/૦૪/૨૦૧૨ થી તા. ૨૮/૦૪/૨૦૧૨ દરમ્યાન ૨૨૩ તાલુકા ગરીબ કલ્યાણ મેળાઓ દ્વારા અંદાજીત ૧૫ લાખ લાભાર્થીઓને રૂા. ૧૨૦૦ કરોડની સહાયનું આયોજન.
• "હવે અમારે ગરીબ રહેવું નથી" સંકલ્પને સાકાર કરીએ.

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર


Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com